નં.જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વસુલાત/૨૦૧૬/૩૧
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ
વડી કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
તા.~~૨૨~~/૦૪/૨૦૧૬ ૨૬

// પરિપત્ર //

વિષય: નિગમની વસુલાતની કાર્યવાહીને વેગ મળે તે હેતું થી OTS યોજના હેઠળ દંડકીય વ્યાજ તથા વિલંબીત ચુકવણા પરના વ્યાજમાં રાહત આપવા સમય મર્યાદા વધારી આપવા બાબત

સંદર્ભ: પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વસુલાત/૨૦૧૫/૧૨, તા.30/0૧/૨૦૧૬

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનાં ઉદ્યોગકારો ને નિગમા દ્વારા પ્લોટ/શેડ/ક્વાર્ટર/રહેણાંક પ્લોટ તેમજ વાણીજ્ય પ્લોટ, ગોડાઉન, દુકાનો વગેરે ફાળવવામાં આવે છે. આવી ફાળવેલ મિલકતના બાકી લ્હેણા માટે નિગમની વસુલાતને વેગ મળે અને ઉદ્યોગ સાહસિકોને દંડકીય વ્યાજ અને વિલંબીત ચુકવણા ઉપરના વ્યાજમાં રાહત મળે તે હેતુ થી વસુલાતને પાત્ર થતા વ્યાજ અને દંડકીય વ્યાજ ની રકમમાં રાહત/માફી આપવા બાબતની અમલમાં મુકવામાં આવેલ યોજનાની સમય મર્યાદા સંદર્ભીત પરિપત્ર**થી તા.૩૧/03/૨૦૧૬** સુધી વધારી આપવા બાબતે પરિપત્ર જારી કરવામાં આવેલ.

માનનીય અધ્યક્ષ સ્થાનેથી ૪૮૮ની સભા કે જે તા.૧૯/03/૨૦૧૬ના રોજ મળેલ તેમા કાર્યસુચી ક્રમાંક ૧૮/વસુલાત/૪૮૮ સાદર કરવામાં આવેલ હતી તેમાં ઠરાવ ક્રમાંક ૫૮/વસુલાત/૪૮૮/૨00૧૬ થી OTS યોજનાની સમય મર્યાદા તા.૩૧/03/૨૦૧૬ થી વધારી તા.30/0૬/૨૦૧૬ સુધી વધારી આપવાનું ઠરાવવામાં આવેલ છે.

અન્ય શરતો તા.30/0૧/૨૦૧૬ ના પરિપત્રમાં જણાવ્યા મુજબ યથાવત રહેશે.

સદરહુ પરિપત્ર ના અમલીકરણ અંગે કોઇ વિસંગતતા ઉદ્દભવે તો ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને પૃચ્છા કરી નિરાકરણ કરવાનું રહેશે.

સહી/-
(મનોજ અગ્રવાલ)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક,
જીઆઇડીસી,ગાંધીનગર.

પ્રતિ,

૧. નિગમના તમામ અધિકારીઓ તરફ.
૨. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડ. એસો. અમદાવાદ તરફ જાણ સારુ
3. નિગમના તમામ ઔદ્યો. વસાહતોના માન. ઔદ્યો. મંડળોના પ્રમુખશ્રીઓ તરફ જાણ સારુ
૪. મેનેજરશ્રી (એસ એન્ડ એ) જીઆઇડીસી ગાંધિનગર તરફ પરિપત્ર વેબસાઇટ ઉપર મુકવા સારૂં

રવાના કર્યુ
(ઉમેશ વ્યાસ)
કાર્યપાલક નિયામક (ઇ એન્ડ એ)